




**<u>સામાજીક જવાબદારીના ભાગરૂપે શિક્ષણક્ષેત્રે પીજીવીસીએલનુ યોગદાન</u>**

**<u>પીજીવીસીએલ દ્વારા રાજકોટ તાલુકાની ૨૨ પ્રાથમિક શાળાઓના બાળકોને ઉપયોગી બાજોઠનુ વિતરણ</u>**

ગુજરાત રાજયમાં જુન-૨૦૧૪માં પ્રાથમિક શાળાઓમાં સરકારશ્રી તરફથી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનુ આયોજન થયેલ હતુ. આ અંતર્ગત તા. ૧૨.૦૬.૨૦૧૪ થી ૧૪.૦૬.૨૦૧૪ દરમિયાન રાજકોટ તાલુકાની કુલ ૨૨ શાળાઓમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડના મેનેજીંગ ડાયરેકટરશ્રી સંદીપ કુમાર દ્વારા શાળા પ્રવેશોત્સવ વખતે સ્કુલના ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓ માટે બાજોઠ આપવાની જાહેરાત કરી હતી. જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા રૂા. ચાર લાખ ત્રીસ હજારના ખર્ચે ૪૨૮ નંગ બાજોઠ બનાવવામાં આવ્યા. જે આજરોજ તા.૨૧.૦૮.૨૦૧૪ ના રોજ ૨૨ સ્કુલને પહોંચાડવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. પીજીવીસીએલના એમ.ડી. શ્રી સંદીપ કુમાર દ્વારા લીલી ઝંડી ફરકાવી ટ્રકને બાજોઠના વિતરણ માટે મોકલી આપ્યો છે. આ બાજોઠથી શાળાઓના ધોરણ ૧ અને ૨ ના બાળકો માટે ‘‘એકટીવીટી બેઇઝડ લર્નીંગ’’ એટલે કે પ્રજ્ઞા વર્ગ માટે મદદ મળશે.

શાળાઓના નામ આ પ્રમાણે છે.:- રાણપુર, સૂર્યરામપર, સણોસરા, ખીજડીયા, પીપળીયા, જિયાણા, વાંકવડ, સાતડા, બેટી, હીરાસર, કુચિયાદડ, વિરડાવાજડી, કણકોટ-૧, કણકોટ(કૃષ્ણનગર), રામનગર, મુંજકા-૧, મુંજકા-૨, મોટામવા-૧, મોટામવા-૨(લક્ષ્મીનારાયણ), વાવડી-૧, વાવડી-૨(જયભારત) અને વાવડી-૩(શકિતનગર).

આમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડે સમાજ પ્રત્યે કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સીબીલીટી નિભાવવાની બાબતમાં વધુ એક પીંછુ ઉમેર્યુ છે.